ગાંધીનગર સમાચાર

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



લે આ એન્વાયરમેન્ટ ફ્રેન્ડલી ફટાકડા... સળગશે નહીં... ધુમાડો નહીં થાય... અવાજ પણ નહીં...

## કર્મચારી મહામંડળના હોદ્દેદાર નિમાયા

ગુજરાત રાજય કર્મચારી મહામંડળની સામાન્ય સભાની બેઠકમાં પ્રમુખ તથા મહામંત્રીને મળેલ સત્તાની રૂએ કો.ઓપ્ટ કરી જગદીશભાઈ એમ. પરમાર તથા એમ.બી.વિડજાની વર્ષ ૨૦૧૫-૧૬ તથા વર્ષ ૨૦૧૬-૧૭ માટે ઉપપ્રમુખના હોદ્દા માટે નિયુકત કરવામાં આવ્યા છે. બંને હોદ્દેદારો હુકમ મળેથી હોદ્દો સંભાળી મહામંડળની કાર્યવાહી સંભાળશે.

# જિલ્લા પંચાયતમાં ભાજપે છ ઉમેદવારોને રિપીટ કર્યા

## ૯ પટેલોને ટિકિટ આપી : ૧૬ મહિલા ઉમેદવારો : ત્રણ પૂર્વ પ્રમુખો પણ મેદાનમાં : ૨૧ તદ્દન નવા ચહેરા

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લા ભારતીય જનતા પક્ષે આજે જિલ્લા પંચાયતના ૨૭ ઉમેદવારોની યાદી જાહેર કરી છે. જુના અને નવા ચહેરાઓનો સમાવેશ ધરાવતી આ યાદીમાં ૯ પટેલ ઉમદવારોનો સમાવેશ થાય છે.

જિલ્લા એકમ દ્વારા આજે જાહેર કરાયેલ ઉમેદવારોમાં ૬ ઉમેદવારોની પુનઃ પસંદગી કરવામાં આવી છે જ્યારે ઈટાદરા બેઠક પર વર્તમાન સદસ્ય શ્રી જયેશ પટેલના પત્નીની પસંદગી કરવામાં આવી છે.

ભારતીય જનતા પક્ષે આજે જાહેર કરેલ યાદીમાં ગત ચૂંટણીમાં પરાજિત થયેલા બે ઉમેદવારોના પરિવારમાં ટિકિટ આપી કાર્યકર્તાઓને પ્રોત્સાહિત કર્યા છે. આજની યાદીમાં ૨૧થી વધુ ચહેરાઓ સાવ નવા છે. આજે જાહેર કરાયેલ યાદીમાં ૧૬ મહિલા ઉમેદવારોનો સમાવેશ થાય છે.

ભાજપે આજે જાહેર કરેલ ઉમેદવારોમાં બે જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખો શ્રીમતિ મંગીબેન પટેલ અને શ્રીમતિ હીનાબેન પટેલ ઉપરાંત માણસા તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ જાગૃતિબેન પટેલનો સમાવેશ થાય છે.

ગાંધીનગરની ઉવારસદ તો કલોલની સોજા અને સાંતેજની બેઠકો પર મોવડી મંડળની આખરી મંજુરીની રાહ જોવાઈ રહી છે. જિલ્લાના પંચાયતના કારોબારી ચેરમેન ઉષાબેન પટેલ તથા લીંબોદરાની બેઠક પર વર્તમાન સભ્ય વિજયસિંહ ચાવડાને રીપીટ કરાયા છે.

ઉમેદવારોની યાદી જાહેર થતાં જ કેટલાક ઉમેદવારો સામે જિલ્લા એકમના હોદ્દેદારો સામે કાર્યકરોએ વિરોધની લાગણી પણ વ્યક્ત કરી હોવાનું જાણવા મળેલ છે.

### ભાજપના ઉમેદવારની યાદી

| સીટનું નામ | ઉમેદવારનું નામ |
|---|---|
| અમરાજીના મુવાડા | ઠાકોર ગીતાબેન ફુલસિંહ |
| ભોયણ મોટી | ઠાકોર ડાહીબેન રાયચંદજી |
| બિલોદરા | પટેલ મીનાક્ષીબેન જગદીશભાઈ |
| બોરીસણા | પટેલ કપીલાબેન લાલભાઈ |
| છાલા | પટેલ મંગીબેન દિલીપભાઈ |
| હરખજીના મુવાડા | ચૌહાણ અમરસિંહ પુંજસિંહ |
| ઈટાદરા | પટેલ શિલ્પાબેન જયેશભાઈ |
| કડજોદરા | રાઠોડ સીતાબેન કાન્તિજી |
| કુડાસણ | પટેલ હિનાબેન હરેશભાઈ |
| લોદરા | પટેલ જાગૃતિબેન હસમુખભાઈ |
| પલિયડ | પટેલ લાલજીભાઈ ગણેશભાઈ |
| પાનસર | પટેલ રેખાબેન હિતેન્દ્રકુમાર |
| રાંધેજા | વાઘેલા સુશીલાબેન અરવિંદસિંહ |
| સઈજ | મકવાણા નયનાબેન નવિનભાઈ |
| વાવોલ | ડામોર દિવાલીબેન ખાતરાજી |
| ઝુંડાલ | પરમાર નરસિંહભાઈ સવાભાઈ |
| બહિયલ | સોલંકી ભરતસિંહ મંગળસિંહ |
| ચરાડા | પટેલ મહેશભાઈ પ્રહલાદભાઈ |
| ચિલોડા (ડ) | ઠાકોર એસ. પી. |
| ચિલોડા (ન) | જાદવ મંજુલાબેન કરશનભાઈ |
| ડભોડા | યાદવ લલિતભાઈ |
| હાલીસા | ઠાકોર ચંદ્રિકાબેન નવીનસિંહ |
| કોલવડા | ઉષાબેન મનુભાઈ પટેલ |
| લીંબોદરા | વિજયસિંહ એચ. ચાવડા |
| રખીયાલ | રમણભાઈ ગોપાળભાઈ પટેલ |
| સમો | બળદેવભાઈ લક્ષ્મણભાઈ ચૌધરી |
| સાણોદા | ચાવડા જ્યોત્સનાબેન ગુણવંતસિંહ |

## ખૂણે ખાંચરેથી...

- ગાંધીનગર શહેરની ખાનગી હોસ્પિટલોમાં ડેન્ગ્યુના કેસો આજે પણ મળી રહ્યા છે.
- શહેર ધીમે ધીમે પર્વાધિરાજ દિપોત્સવીની ઉજવણીના જશ્ન માટે તૈયાર થઈ રહ્યું છે.
- ચૂંટણીને પગલે જિલ્લાના અધિકારીઓ મીટીંગોની વ્યસતતામાંથી મુક્ત થયા ને ચૂંટણીની તૈયારીમાં લાગી પડ્યા છે.
- જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં હજુ સુધી એક પણ ઉમેદવારી પત્ર ભરાયુ નથી હવે બે દિવસ ઉમેદવારી પત્ર ભરાવાના બાકી છે ત્યારે ઉમેદવારોની લાઈનો લાગશે તેમ મનાઈ રહ્યું છે.
- ભાજપ અને કોંગ્રેસ બન્ને પક્ષોમાં આંતરિક ખેંચતાણ અને જૂથબંધી પ્રદેશ નેતાઓને ટિકિટો આખરી કરવામાં ભારે મહેનત કરાવી રહી છે.
- ચૂંટણી અધિકારીઓની કચેરીમાં ના. મામલતદાર અને કારકુનોની ખાસ જગ્યાઓ મંજૂર થતાં જિલ્લાતંત્રમાં ૨૦ જેટલી નિયુક્તીના હૂકમો થયા છે.



દિપાવલી એટલે ઉજાસનો તહેવાર. જ્યાં જીવન નિરાશા અને નિસાસાના અંધકાર તરફ ગતિ કરવા લાગે ત્યારે આશા અને પ્રેરણાના પ્રકાશથી સજાવવાનો અવસર એટલે દિવાળી. આ તહેવારનું મહત્વ અને ઉમંગ જ એટલો છે કે નગરના સ્મશાન મુક્તિધામને પણ રોશનીથી સજાવવામાં આવ્યું છે. (તસવીર : કશ્યપ નિમાવાત)

# પ્રવાસન સ્થળોના ઘસારાએ સર્જ્યો નવો ટ્રેન્ડ

**દિવાળીની રજાઓમાં નજીકના પરિવારો સાથે એકઠા થઈ કૌટુંબિક માહોલમાં આનંદ માણવાનો નવો ટ્રેન્ડ : તહેવારોમાં પ્રવાસીઓને ખંખેરી લેવાની વેપારીવૃત્તિ પર અંકુશ આવશે**

ગાંધીનગર, તા. ૭

આ વર્ષે દિવાળીની રજાઓમાં તમે ક્યાં જવાના છો ? આ પ્રશ્ન દર વર્ષે ખાસ કરીને ગૃહિણીઓ એકબીજાના પડોશીને તથા બાળકો પોતાની સ્કૂલમાં મિત્રોને પૂછતા હોય છે. દિવાળીના તહેવારોની રજાઓમાં કોઈ હિલસ્ટેશન, ધાર્મિક સ્થળે, દરિયા કિનારે કે પૌરાણિક સ્થળોએ અને લેટેસ્ટમાં વિદેશના પર્યટન સ્થળોએ ફરવા જવાનો ટ્રેન્ડ ઘણા વર્ષોથી ચલણી બન્યો છે. આ ટ્રેન્ડના કારણે મોટા ભાગના પ્રવાસન સ્થાનો પર ભારે ભીડ જોવા મળે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ભીડથી ત્રાસેલા કેટલાક નાગરિકો દ્વારા હવે એક નવાજ પ્રકારના ટ્રેન્ડની શરૂઆત કરવામાં આવી છે. જે ધીમે ધીમે વધુ પ્રચલિત બનતી જાય છે.

મોટાભાગના પ્રવાસન સ્થળોએ દિવાળી જેવા તહેવારની સળંગ રજાઓના કારણે પ્રવાસીઓનો ઘસારો મોટા પ્રમાણમાં રહે છે. આ ઘસારાના કારણે જે તે સ્થળની આવશ્યક સેવાઓ જેવી કે હોટલ, રેસ્ટોરન્ટ, ટેક્ષી, ઓટોરીક્ષા, ગાઈડ, ઉડન ખટોલા, ઘોડેસવારી, બોટીંગ, વૉટર રાઈડીંગ વગેરે તમામના બમણાંથી ત્રણ ગણા ભાવ વસુલવામાં આવે છે. આ ઉપરાંત તે સ્થળે મળતી ચીજવસ્તુઓમાં પણ પ્રવાસીઓને ખંખેરી લેવાની વૃત્તિ વેપારીઓ દ્વારા અપનાવાય છે. પાણીની બોટલથી લઈને જમવાના અને ગેસ્ટહાઉસથી લઈને ફાઈવસ્ટાર હોટેલ સુધીના તમામમાં પ્રવાસીઓને રીતસરના લૂંટવામાં આવે છે. પરંતુ એકવાર સ્થળે આવી ગયા પછી પ્રવાસીઓ માટે છતી આંખે લૂંટાવા સિવાય અન્ય કોઈ આરો હોતો નથી. લકઝરી વાસો, ટેક્ષીઓ તથા અન્ય વાહનોમાં ખીચોખીચ પ્રવાસીઓ ભરાય છે છતાં બમણા ભાડા વસુલાય છે અને મુસાફરોને જીવના જોખમે મુસાફરી કરવાની ફરજ પડાય છે. ભોજનાલયોમાં પણ વધુ ભાવ વસુલી ગુણવત્તાની પરવા કર્યા વિના બસ વેપાર જ કરવો તે નીતિ અપનાવી મુસાફરોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા અચકાવાતા નથી.

આ પ્રકારની સર્જાતી પરિસ્થિતિઓથી વારંવાર ત્રાસીને અસુવિધાનો ભોગ બની પરિવાર સાથે હેરાન થવાના અસંખ્ય કિસ્સાને કારણે નગરના કેટલાક પરિવારો દ્વારા નવા જ પ્રકારનો ટ્રેન્ડ ચાલુ કરવામાં આવ્યો છે. આ ટ્રેન્ડ મુજબ નજીકનો સંબંધ ધરાવતા, મિત્રતા ધરાવતા કુટુંબો દિવાળી અગાઉથી કોઈ એક સ્થળે ખાનગી ફલેટ, ટેનામેન્ટ, વીકએન્ડ હોમ કે ફાર્મહાઉસનું બુકિંગ કરી દેવામાં આવે છે. આ સ્થળે બધા પરિવારો એકઠા થઈ દિવાળી સાથે મનાવવી અને કૌટુંબિક કે મિત્રતા ભર્યા માહોલમાં મોજમસ્તી કરવી જેવા કાર્યક્રમો માણવામાં આવે છે. બાળકોને પણ પરિચિત મિત્રોની કંપની મળી રહેતા વધુ સારી રીતે આનંદ કરી શકે છે. જયારે મોટેરાંઓને ભીડભાડમાં હેરાન થઈ વધુ પૈસા ખર્ચી ઓછી સગવડ અને ઓછી ગુણવત્તાની સેવાઓ મેળવવા કરતા સલામતી સાથે રહેવામાં રાહત અનુભવાય છે. ગૃહિણીઓને પણ પરિચિત સાથ મળતા વધુ સારી રીતે રજાઓ માણી શકે છે. આ પ્રકારના આયોજનોમાં મોટે ભાગે રસોઈ વગેરેની વ્યવસ્થા ઓર્ડરથી કરેલી હોઈ તેમને ગૃહકાર્યોમાંથી રાહત પણ મળી રહે છે.

આ નવા ટ્રેન્ડને કારણે એવું લાગે છે કે દિવાળીમાં સ્નેહીજનોને ઉમંગથી મળવાનો મૂળભૂત ઉદ્દેશ ધીમે ધીમે ફરીથી ચરિતાર્થ થવા જઈ રહ્યો છે. વળી, આ સાથે પ્રવાસન સ્થળે તહેવારોમાં પ્રવાસીઓને ખંખેરી લેવાની વેપારી વૃત્તિ પર પણ અંકુશ આવશે.

## સી.એમ. હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ અગ્રેસર

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરની સે-૨૩ સ્થિત શેઠ સી.એમ. હાઈસ્કૂલના ૩૦૦ વિદ્યાર્થીઓએ ૩૧મી ઓકટોબરે યોજાયેલ સ્વર્ણિમ પાર્કમાં સરદાર પટેલની પ્રતિમાના અનાવરણ વિધિ કાર્યક્રમમાં સરદાર પટેલના પહેરવેશ સાથે ભાગ લીધો હતો. શાળાના ૫૯ વિદ્યાર્થીઓને મળતા આઈએએસ સેન્ટર દ્વારા લેવાયેલ આઈક્યુ ટેસ્ટમાં પસંદ કરાયા છે. આ વિદ્યાર્થીઓને રાજયના પૂર્વ સચિવ વી.એસ.આર. કૌલગીના અધ્યાપન-માર્ગદર્શનથી ઉચ્ચ સ્તરે જઈ આઈએસના પરિણામ સુધી લઈ જવાશે.

સી.એમ. હાઈસ્કૂલના તેજસ્વી તારલાઓ વિવિધ સ્તરે સન્માનિત કરાયા હતા. મહેસાણા જિલ્લા શાળા માધ્યમિક સંઘ દ્વારા ધો-૧૦ના હિરેનસિંહ વાઘેલાને ગુજરાતી વિષયમાં દ્વિતિય સ્થાન મેળવવા બદલ, લખનકુમાર હસમુખભાઈ ઠકકરને ધો-૧૦માં મહેસાણા જિલ્લા શાળા માધ્યમિક સંઘમાં પ્રથમ સ્થાન મેળવવા બદલ તા. શિવાની પી. બારોટને દિશા ઈશ્વરભાઈ દેસાઈને ધો-૧૨ સાયન્સમાં બહેનોમાં ત્રીજા નંબરે પાસ થવા બદલ સન્માનવામાં આવ્યા હતા. આ ઉપરાંત ગાંધીનગર જિલ્લા આચાર્ય સંઘ દ્વારા લખનકુમાર ઠકકર, શિવાની બારોટ, દિશા દેસાઈ ઉપરાંત સમાજવિદ્યા વિષયમાં ૯૯ ગુણ મેળવવા બદલ નિકુંજ ચિરાગભાઈ શાહ તથા ધો-૧૨માં પ્રથમ સ્થાન મેળવવા બદલ કૌશલ કિરીટકુમાર શાહને સન્માનવામાં આવ્યા હતાં.

અત્રે ઉલ્લેખનીય છે કે સરદાર પટેલ જન્મ જંયતિએ યોજાયેલ કાર્યક્રમમાં શાળાના શિક્ષકો હરિભાઈ પટેલ, લાભુભાઈ દેસાઈ તથા આચાર્ય બી.કે. પટેલે હાજરી આપી હતી.

## ગાંધીનગરમાં ઠંડીનો ચમકારો

ગાંધીનગરમાં ગઈકાલે રાત્રે ઠંડીનો ચમકારો અનુભવાતો હતો. શહેરનું લઘુત્તમ તાપમાન ૧૮ ડિગ્રીથી નીચે ઉતરી ગયું હતું.

હવે, વિધિવત શિયાળો આરંભાતો હોય એમ જણાય છે. રાજ્યમાં પણ ઠંડીનો ચમકારો નોંધાયો છે. જ્યારે અન્ય વિસ્તારોમાં પણ ઠંડીમાં એકાએક વધારો થયો છે. રાજકોટમાં આજે ૧૮.૭ ડિગ્રી તાપમાન રહ્યું હતું. એકાએક ઉત્તરપૂર્વીય પવનો નીચલી સપાટીએ ફુંકાઈ રહ્યા છે. અમદાવાદમાં પારો હજુ ગગડે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. હવામાન વિભાગ તરફથી ઓછા તાપમાનની ચેતવણી જારી કરી નથી પરંતુ તાપમાનમાં ઘટાડો થાય તેવા સંકેત દેખાયા છે.



## વડીલો માટે યોગ શિબિર

ચિલોડા-દહેગામ માર્ગ પર આવેલા મગોડી ગામ સ્થિત કાશીબા ઈચ્છાબા અશકતાશ્રમ ખાતે યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વૃદ્ધ વડિલોને યોગની પદ્ધતિસરની તાલીમ આપી યોગ દ્વારા થતાં ફાયદા જણાવ્યા હતા. આ યોગ શિબિરનો મોટી સંખ્યામાં વડીલોએ લાભ લીધો હતો.

## ઉમેદવાર પસંદગીમાં હિન્દુત્વની રણનિતી

અમદાવાદ, તા.૭

અમદાવાદ મહાનગર પાલિકામાં ભાજપે ઉમેદવારોની પસંદગીમાં હિન્દુત્વની રણનિતી અપનાવી હોવાનું જોવા મળ્યું છે. નરોડા પાટિયા કાંડના આરોપી રહેલા વલ્લભભાઈ પટેલને વર્ષ ૨૦૦૫માં નરોડા વોર્ડમાં ભાજપે ટીકીટ આપવાનો ઈન્કાર કર્યો હતો. જોકે વર્ષ ૨૦૧૫માં પાટીદાર અનામત આંદોલનને કારણે સર્જાયેલ રાજકીય પરિસ્થિતિમાં ભાજપે વલ્લભભાઈ પટેલને નરોડા વોર્ડમાંથી મેદાનમાં ઉતાર્યા છે. જ્યારે ગોધરા કાંડ બાદ સર્જાયેલા તોફાનોમાં આરોપી અશોક પટેલના પત્નીને ભાજપે ચૂંટણી જંગમાં ઉતાર્યા છે.નરોડા પાટિયા કાંડના આરોપી મનોજ કુકરાણીના પત્ની રેશમા કુકરાણીને સૈજપુર વોર્ડમાંથી ટીકીટ આપી છે.

## ચિલોડામાં તસ્કરોએ પ્રાથમિક શાળાના તાળા તોડ્યા

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર નજીક આવેલા ચિલોડા ગામમાં સ્થિત પ્રાથમિક શાળામાં રાત્રી દરમ્યાન તસ્કર ટોળકી ત્રાટકી હતી. શાળાના દરવાજાના તાળા તોડીને અંદર ઘુસેલા તસ્કરોએ વિવિધ રૂમો ફંફોસી નાંખ્યા પરંતુ કાંઈ હાથ ન લાગતા ફેરો ફોગટ ગયો હતો. આ ઘરફોડ ચોરીના પ્રયાસ અંગે ચિલોડા પોલીસને જાણ કરવામાં આવી છે. જો કે ગુનો દાખલ થવા પામ્યો નથી.

ચિલોડા પ્રાથમિક શાળાના દરવાજાના તાળા તોડી તસ્કર ટોળકી રાત્રી દરમ્યાન શાળામાં ઘુસી હતી. આ ટોળકીએ શાળાની



ઓફીસ રૂમ તથા સીઆરસી રૂમમાં આંટા માર્યા હતા. જો કે કોઈ જ કિંમતી ચિજવસ્તુ હાથમાં ન લાગતા ટોળકી પરત ફરી ગઈ હતી. ચોરીના નિષ્ફળ પ્રયાસ અંગે જાણ થતાં જ શાળાના આચાર્ય હર્ષદભાઈ પટેલ તથા સ્ટાફ, એસ.એમ.સી.ના સભ્યો તથા ગામના સરપંચ સહિત ગ્રામજનો પણ શાળામાં દોડી આવ્યા હતા. ઘટનાની જાણ પોલીસને કરવામાં આવતા પોલીસ પણ દોડી આવી હતી. જો કે કાંઈ ચિજવસ્તુની ચોરી થઈ ન હોવાનું ધ્યાને આવતા પોલીસમથકમાં માત્ર અરજી આપવામાં આવી છે. અગાઉ આ જ શાળામાં કોમ્પ્યુટર ચોરી થવા પામી હતી. જો કે આ વિસ્તારમાં સઘન પેટ્રોલીંગ કરવા ગ્રામજનોએ પોલીસને રજુઆત કરી છે.

સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટ સંચાલિત

ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં વિશેષ વળતર

| | |
|---|---|
| ગુજરાત ખાદી | ૨૫ % વળતર |
| ગુજરાત ખાદી તૈયાર કપડાં | ૨૫ % વળતર |
| પરપ્રાંત ખાદી | ૧૫ % વળતર |
| પરપ્રાંત ખાદી તૈયાર કપડાં | ૧૫ % વળતર |
| રેશમ ખાદી | ૧૫ % વળતર |

વ્હાઈટ મેટલ મૂર્તિઓ, ઓક્સોડાઈઝ બેંગલ બોક્સ, બાજઠ, ચંપલો, ગ્રામોદ્યોગના સાબુ, તલ તેલ, અનાજ, કઠોળ તેમજ ઘઉં, બાજરી, મઠ, અડદનો લોટ અને સરકારશ્રી દ્વારા માન્ય સ્ટીલ તેમજ વુડન ફર્નિચર ખરીદવાનું સ્થળ



ખાદી ગ્રામોદ્યોગ ભવન
સેક્ટર-૧૬, ગાંધીનગર, ફોન નં. ૨૩૨૨૨૩૩૩

ગૃહ વસ્તુ ભંડાર
સેક્ટર-૧૬, ગાંધીનગર, ફોન નં. ૨૩૨૨૨૭૬૧



સમય : ૧૦-૩૦ થી ૭-૩૦ ● રીશેષ : ૨-૩૦ થી ૩-૩૦

નોંધ : તા. ૮/૧૧ને રવિવારે કેન્દ્ર ખાતે વેચાણ ચાલુ રહેશે.